"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.                                                            તા. ૦૧/૦૭/૨૦૧૭

તંત્રીશ્રી, ______________________                                  સુરત

જાહ નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વી. માંડલેવાળા
પ્રમુખ

---

## તળપદા કોળી પટેલ સમાજના બ્રેઇનડેડ મનોજભાઇ ઇશ્વરભાઇ પટેલના પરિવારે કિડની અને લિવરના દાનથી માનવતા મહેંકાવી, ત્રણને નવજીવન બક્ષ્યું

પતિના અંગોનું દાન કરી સમાજને નવી દિશા ચિંધનાર પત્ની ભારતીબેનનું પણ હાર્ટએટેકથી અવસાન

| | |
|---|---|
| નામ: | મનોજભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૫૦)     બ્લડ ગ્રુપ: B+ve |
| વ્યવસાય: | કાપડ દલાલી |
| રહેવાસી: | ગામ– પલસાણા, તાલુકા– પલસાણા, જિલ્લો– સુરત. |
| કૌટુંબિક વિગત: | પત્ની: ભારતીબેન મનોજભાઇ પટેલ (ઉ.વ.૪૮) |
| | પુત્રી: અંકિતાબેન મનોજભાઇ પટેલ (ઉ.વ. ૨૬) |
| | શ્યામલ એન્ડ શ્યામલ પ્રા.લિ.માં ફેશન ડિઝાઇનર તરીકે ફરજ બજાવે છે. |
| | પુત્ર: કૃશાંક મનોજભાઇ પટેલ (ઉ.વ. ૨૦) |

**બનાવની વિગત:**

સોમવારે, તા. ૨૬ જૂન ૨૦૧૭ના રોજ મનોજભાઇ સવારે ૯:૦૦ કલાકે સ્નાન કરવા ગયા હતા. લાંબા સમય સુધી તેઓ બાથરૂમમાંથી બહાર નહીં આવતા તેમની પત્ની ભારતીબેને તપાસ કરતા તેઓ બાથરૂમમાં બેભાન હાલતમાં પડેલા હતા. પરિવારજનોએ બાથરૂમનો દરવાજો તોડી તેમની સામે રહેતા ડો. રમેશ કે. પટેલને બોલાવી પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ તેમને વધુ સારવાર માટે ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં સવારે ૧૦:૩૦ કલાકે ડો. સંદીપ જી. પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. નિદાન માટે સીટી સ્કેન અને એમઆરઆઇ કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

તા. ૨૭ જૂનના રોજ ન્યુરોસર્જન ડો. અશોક પટેલે ક્રેનીયોટોમી કરી મગજમાં જામેલા લોહીના ગઠ્ઠાને દૂર કર્યો હતો.

શનિવારે, તા. ૩૦ જૂનના રોજ ન્યુરોફિઝીશ્યન ડો. મનોજ સાતવાણી, ન્યુરોસર્જન ડો. અશોક પટેલ અને ફિઝીશ્યન ડો. સંદીપ પટેલે મનોજભાઇને બ્રેઇનડેડ જાહેર કર્યા હતા.

૨...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



મનોજભાઈના કાકા સસરા નાનુભાઈ કરસનભાઈ પટેલે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલિફોનિક સંપર્ક સાધી મનોજભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી હતી.
ડોનેટ લાઈફની ટીમે મનોજભાઈના કાકા સસરા નાનુભાઈ પટેલ સાથે રહી મનોજભાઈના પત્ની ભારતીબેન, પુત્રી અંકિતાબેન, પુત્ર કુશાંક, સાઢુભાઈ નરેશભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યુ હતું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું હતું કે, અમારા જ પરિવારમાં ચાર વર્ષ પહેલાં ગીતાબેન લીવર ફેલ્યોરની બિમારીથી પીડાતા હતા. જેમને કેડેવર ઓર્ગન ડોનેશન દ્વારા લીવર મળ્યુ હતું. આથી ઓર્ગન ફેલ્યોર દર્દીની માનસિક પરીસ્થિતિથી અમે સારી રીતે વાકેફ છીએ. વર્તમાનપત્રોમાં પણ અવારનવાર પ્રકાશિત થતા ઓર્ગન ડોનેશનના સમાચાર વાંચીએ છીએ. આજે જ્યારે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેઓના અંગોના દાનથી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગોનું દાન અવશ્ય કરવું જોઈએ. અને પણ અમારા સ્વજનના અંગોનું દાન કરવા તૈયાર છીએ, આપ અંગદાન સ્વીકારવા માટે આગળ વધો.

મનોજભાઈના પરિવારજનોની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો- ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડો. જમાલ રિઝવીનો સંપર્ક કર્યો હતો અને કિડની તથા લિવરનું દાન લેવા સુરત આવવા માટે જણાવ્યુ હતું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. બિપીન પાલ અને તેમની ટીમે સુરત આવીને કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું હતું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની ભાવનગરના દિપાભાઈ રામભાઈ ચાવડા (ઉ.વ.૨૮) અને રાજકોટના સેજ્પી એચ. કનેરીયા (ઉ.વ. ૨૦)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર સુરતના સુનિતાબેન મહેશભાઈ પારેખ (ઉ.વ. ૫૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. જમાલ રિઝવી, ડો. વૈભવ સુતરીયા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં મનોજભાઈના પત્ની ભારતીબેન, પુત્રી અંકિતા, પુત્ર કુશાંક, કાકા સસરા નાનુભાઈ, સાઢુભાઈ હરીશભાઈ તથા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. અશોક પટેલ, ન્યુરોફિઝીશન ડો. મનોજ સત્વાણી, ફિઝીશ્યન ડો. સંદીપ પટેલ, મહાવીર ટ્રોમા હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સીઈઓ નિરવ માંડલેવાલા, નિમિત પટેલ, સુભાષ જોગાણી, ધવલ પ્રજાપતિ અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

જો કે, પતિ મનોજભાઈના અંગોનું દાન કરીને સમાજને નવી દિશા ચિંધનાર પત્ની ભારતીબેન પરિવારજનો સાથે પતિનો મૃતદેહ લઈને ઘરે પહોંચ્યા જ હતા કે તેઓ બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ તુરંત જ ઘર નજીક રહેતા ડોક્ટરને બોલાવ્યા હતા. ડોક્ટરે બેભાન ભારતીબેનની તપાસ કરી હાર્ટએટેકથી તેઓ અવસાન પામ્યા હોવાનું જણાવ્યુ હતું.

૩...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat 395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


**DONATE LIFE™**
an initiative for organ donation



સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ડોનેટ લાઇફના નીલેશ માંડલેવાલા તથા તેમની ટીમે ૨૦૯ કિડની, ૮૨ લિવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૮ ચક્ષુઓના દાન મેળવીને ૪૮૩ વ્યક્તિઓને નવજીવન અને રોશની બક્ષવામાં સફળતા મેળવી છે.

ડોનેટ લાઇફ દ્વારા કેડેવર ઓર્ગન ડોનેશન અંગેની જનજાગૃતિના કાર્યક્રમો સતત થઇ રહ્યા છે. જેને કારણે સમાજમાં બ્રેનડેડ બાદ ઓર્ગન ડોનેશન કરવાની જનજાગૃતિ આવી રહી છે. પરીણામે છેલ્લાં એક મહિનામાં જ ડોનેટ લાઇફ દ્વારા ૮ બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનોને સમજાવી ૧૬ કીડની, ૮ લીવર, ૧ હૃદય અને ૪ ચક્ષુઓનુ દાન કરાવવામાં આવ્યું છે. અમે સમાજના દરેક વર્ગના લોકોને નમ્ર અપીલ કરી રહયા છે કે જયારે પણ કોઇ વ્યક્તિ બ્રેનડેડ હોવાની જાણકારી તમને પ્રાપ્ત થાય ત્યારે તેના અંગોનુ દાન કરાવી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવાના યજ્ઞમાં જોડાઇએ.